ક્રમાંક:-પરચ-૧૦૨૦૧૨-૧૬૮૬-ટ
ગુજરાત સરકાર, ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૧૦/૧/૧૩.

પ્રતિ,
શ્રી ચિતરંજનસિંઘ, IPS,
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,
ગુજરાત રાજ્ય, પોલીસ ભવન,
ગાંધીનગર.

વિષય:- જિલ્લા કે અન્ય રાજ્યમાં પ્રવાસે જતા વિદ્યાર્થીઓની સલામતી અને સવલત માટે પોલીસ કર્મચારીઓની વ્યવસ્થા આપવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયે આજ્ઞાનુસાર જણાવવાનું કે તા.૦૫/૦૯/૨૦૧૨ના રોજ ડૉ.રાધાકૃષ્ણન સાહેબના જન્મ દિવસે ઉજવાતા શિક્ષક દિનના ઉપલક્ષ્યમાં યોજવામાં આવેલ માન. મુખ્ય મંત્રીશ્રી અને વિદ્યાર્થીઓ વચ્ચેના શૈક્ષણિક વાર્તાલાપ દરમ્યાન માન. મુખ્ય મંત્રીશ્રી દ્વારા બાળકો અને પોલીસ વચ્ચે ઈકોફ્રેન્ડલી વાતાવરણ સર્જાય અને વિદ્યાર્થીઓને જિલ્લા કે અન્ય રાજ્યના પ્રવાસ દરમ્યાન પ્રવાસમાં મુશ્કેલી ન પડે તે માટે બે પોલીસ કર્મચારીઓની વ્યવસ્થા કરવામાં આવશે તેમ જણાવવામાં આવેલ. જેના અનુસંધાને શિક્ષણ વિભાગે આ વિભાગને કરેલ દરખાસ્તના સંદર્ભમાં નીચે દર્શાવ્યા પ્રમાણેની વ્યવસ્થા કરવા સરકાર કક્ષાએ નિર્ણય કરવામાં આવેલ છે:-

(અ) વિદ્યાર્થીઓને જિલ્લા બહાર કે રાજ્ય બહારના પ્રવાસમાં પોલીસ કર્મચારીઓની સુવિધા આપવી.

(બ) જો શાળા ગર્લ્સ સ્કૂલ હોય કે પ્રવાસમાં ફક્ત વિદ્યાર્થીનીઓ હોય તો મહિલા પોલીસ કર્મચારીની ફાળવણી કરવી.

(ક) દરેક શાળાએ પણ પ્રવાસ માટેના વાહનમાં બે પોલીસ કર્મચારીઓની બેઠક વ્યવસ્થા નિ:શુલ્ક રાખવાની રહેશે.

(ડ) પોલીસ કર્મચારીઓનો અન્ય ખર્ચ સરકારે એટલે કે જે તે વિભાગ/ કચેરીએ ભોગવવાનો રહેશે.

૨. ઉપર્યુક્ત નિર્ણય મુજબની વ્યવસ્થા ગોઠવવા આપની તથા આપના તાબા હેઠળની કચેરીઓને જરૂરી સુચના સત્વરે પરિપત્રિત કરવા અને તે અંગેની જાણ આ વિભાગને અને શિક્ષણ વિભાગને કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(ડી.આર.પટેલ)
નાયબ સચિવ,
ગૃહ વિભાગ.

નકલ રવાના:-

(૧) માન.મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, બ્લોક નં. :૧/૫, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂં.

(૨) માન. રા. ક. મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, બ્લોક નં. :૨/૪, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂં.

(૩) અગ્ર સચિવશ્રી(પ્રા.શિ.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ તેઓની ફાઈલ ક્રમાંક:-પીઆરઈ-૧૧૨૦૧૨-સીંગલફાઈલ-૩૦-ક ના અનુસંધાને જાણ સારૂં.

(૪) શાખા સિલેક્ટ ફાઈલ.

(૫) નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.